# શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન સેવા સમાજ ટ્રસ્ટ


● પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી ●

**શ્રી હસમુખભાઈ ન્યાલચંદ વોરા**

● ટ્રસ્ટીશ્રીઓ ●

**શ્રી પ્રવીણભાઈ આત્મારામ શાહ**

**શ્રી મધુકરભાઈ જગજીવનદાસ ડગલી**

**શ્રી સંજયભાઈ ભરતભાઈ કોઠારી (ઉપપ્રમુખ)**

● મંત્રી ●

**શ્રી યોગેશભાઈ રસિકલાલ કોઠારી**

● ખજાનચી ●

**શ્રી સુધીરભાઈ સુરેશચંદ્ર શાહ**

● સહ ખજાનચી ●

**શ્રી દીપેનભાઈ હસુભાઈ શાહ**

● કારોબારી સભ્ય અને તંત્રી ●

**શ્રી પંકજકુમાર મનસુખલાલ બાવિશી**

**નીચે જણાવેલ કમિટિમાં સામે લખેલ કારોબારી સભ્યો જે તે વિભાગનું કામ સંભાળશે.**

| | |
|---|---|
| (૧) **શિક્ષણ વિભાગ - ૧** | (૧) ભાવિનભાઈ મહેન્દ્રકુમાર શાહ |
| | (૨) ધર્મેશભાઈ નટવરલાલ શાહ |
| (૨) **શિક્ષણ વિભાગ - ૨** | (૧) હિતેષભાઈ શરદભાઈ શાહ |
| (૩) **સાધર્મિક વિભાગ** | (૧) અલ્પેશભાઈ ભરતભાઈ કોઠારી |
| | (૨) હેમંતભાઈ રોહિતભાઈ પરીખ |
| (૪) **મેડિકલ વિભાગ** | (૧) ફાલ્ગુનભાઈ સૂર્યકાન્તભાઈ દફતરી |
| | (૨) અતુલભાઈ પ્રવીણભાઈ શાહ |
| (૫) **મેઈન્ટેનન્સ + ધાર્મિક** | (૧) પિયુષભાઈ રતિલાલ બાવિશી |
| | (૨) ધનેશભાઈ પ્રવીણકુમાર શાહ |
| (૬) **પ્રવાસ વિભાગ** | (૧) કલ્પેશભાઈ ચંદુલાલ શાહ |
| | (૨) અલ્પેશભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| (૭) **મૅરેજબ્યૂરો - યુવામેળો** | (૧) મેહુલભાઈ ચીનુભાઈ શાહ |
| | (૨) હસમુખલાલ કાન્તિલાલ શાહ |
| (૮) **સમૂહ લગ્ન વિભાગ** | (૧) કિશોરભાઈ બાબુલાલ શાહ |
| | (૨) ઋષભભાઈ વિપીનભાઈ શાહ |
| (૯) **આઈ. ટી. વિભાગ** | (૧) મનીષભાઈ શશીકાન્તભાઈ શાહ |
| | (૨) ચેતનભાઈ મગનલાલ શાહ |
| (૧૦) **પ્રોગ્રામ - તપસ્વી** | (૧) નયનભાઈ રમણિકલાલ શાહ |
| | (૨) દિલીપભાઈ કાન્તિલાલ ડગલી |

કો-ઓપ્ટ. (૧) ઉદયભાઈ એચ. વોરા (૨) કેતનભાઈ આર. શાહ


## સાચો સગો કોણ અને કેમ ?

આ એક ખૂબજ ચર્ચાસ્પદ બનેલો મુદ્દો આપણા વર્તમાન કૌટુંબીક જીવનને વેરવિખેર કરતો અગત્યનો મુદ્દો છે. આ વાત ''ઘર-ઘર''ની બની રહી છે ત્યારે તેની માત્રને માત્ર ''ટીકા'' કરવાથી તેનો ઉકેલ આપવાનો નથી. આપણે આ મુદ્દાના મૂળમાં જવાની જરૂર છે. આ મુદ્દાની છણાવટ કરતા પહેલા હું ઘણી વખત કહુ છું - ખાસ કરીને યુવાનોને સંબોધતી વખતે કહું છુ કે હવે આપણી પાસે એટલો સમયજ નથી કે આપણે વિવિધ સામાજીક સંબંધોને સાચવી શકીએ. સમયાનુસાર દરેક વસ્તુમાં જેમ પરિવર્તન આવે છે તેજ રીતે આપણા કૌટુમ્બીક સંબંધોમાં અને સામાજીક વહેવારોમાં જબરજસ્ત પરિર્વતન આવ્યુ છે.

આ વાતને એક સ્ત્રી અને એક પુરૂષને નજર સમક્ષ રાખી વિચારીએ તો દરેક પરણિત સ્ત્રી કે પરણિત પુરૂષે બે પરિવારનો સંબંધ સાચવવાનો હોય છે. એક પોતાના પરિવારનો અને બીજો પોતાના જીવનસાથીના પરિવારનો. જેટથી વધુ ગતિએ દોડતા આપણે સૌ યંત્રમાનવ બની ગયા છીએ કે બનવા તરફ જઈ રહ્યા છીએ ત્યારે આ યંત્રવત જીવનમાંથી ''સમય'' ફાળવી કુટુંબ જીવનને અકબંધ રાખવા પ્રયત્ન કરવા ખૂબજ અઘરા જરૂર બની ગયા છે પરંતુ હજુ અશક્ય બન્યા નથી.

એક તો આપણા સંયુક્ત કુટુંબો અનેક કારણોસર વિભક્ત બનવા લાગ્યા છે. ત્રણ માણસનું કુટુંબ - વધુમાં વધુ ચાર કે પાંચ માણસનું કુટુંબ. કુટુંબની વ્યાખ્યા જ જ્યારે બદલાઈ ગઈ હોય ત્યારે કોઈ પણ વ્યક્તિ તરફ આંગળી ચીંધવી સહેલી છે પરંતુ તે સારી વાત તો નથી જ. સમય - સંજોગો અને વાતાવરણ જ્યારે બદલાઈ ચૂક્યુ હોય ત્યારે ઉભી થતી સમસ્યા કે ઉભા થતા વ્યવહારિક પ્રશ્નોને વ્યક્તિગત રૂપે નહિ જોતા વ્યાપક સ્વરૂપે તેનો અભ્યાસ કરવો જરૂરી છે.

આ થઈ સંબંધોની - પારિવારિક સંબંધોની વાત. પરંતુ આનાથી પણ વિશેષ આજે ''સગા''નું સ્થાન ''મિત્ર''એ લઈ લીધુ છે. આ વાત જગ જાહેર છે. પરંતુ આવી વાતો કરાવવાળા આપણે - આવી ટીકાઓ કરવાવાળા આપણે કયારે પણ આમાં ઉડા ઉતરવાનો પ્રયાસ કર્યો છે ખરો? સંબંધો ટકવાનો કે બંધાવાનો મુખ્ય આધાર - **''વિશ્વાસ'' - ''શ્રધ્ધા''** છે - આત્મીયતા છે. મિત્રો પાસેથી **સહારો** મળે છે. સગાવહાલા તરફથી **''સલાહ''** વધુ મળે છે. દુઃખમાં કે તકલીફમાં માણસને ''સલાહ'' કરતા ''સહારા''ની વધુ જરૂર હોય છે. સંકટ સમયમાં માનવીને ''મેણાટોણા'' નહિ પરંતુ ''દિલાસા''ની જરૂર હોય છે. સગા સંબંધીની સહાયતા ''કંડીશનલી''- ''શરતી'' બની ગઈ છે. સૌથી પ્રથમ એક જ મુદ્દો આવીને ઉભા રહે છે. ''આપણે ત્યાં પ્રસંગ આવ્યો ત્યારે માત્ર હાજરી પૂરાવા જ આવ્યા હતા. આપણે પણ એમજ કરવાનું'' જ્યારે ''મિત્રતા''માં ક્યારેય શરત કે સરખામણી હોતી નથી.

જેમ સમય બદલાયો છે તેમ સંબંધોની વ્યાખ્યા પણ બદલાતી ચાલી છે. અને ''સગા'' કરતા ''મિત્ર''ની નિકટતા વધી હોય તો તેમાં ખોટું પણ શું છે? ''મિત્રો''ના સંબંધો કોઈ નવા સંબંધો નથી, પુરાણકાળમાં પણ મિત્રોના સંબંધો હતા, તેમાં પણ ''કૃષ્ણ-સુદામા''નો દાખલો શ્રેષ્ઠ ઉદાહરણ છે એટલે જ અંગ્રેજીમાં કહેવાયું છે, ''Friend in need is friend indeed'' આપણા કૌટુંબિક જીવનમાં પણ એક સ્ત્રી પોતાની સુખદુઃખની વાતો પોતાની નણંદ-દેરાણી-જેઠાણીને કરવાને બદલે પોતાની સખી સાથે વધારે share કરે છે, કારણકે ત્યાંથી તેને સહારાની સરીતા મળે છે. માણસ પણ જ્યારે મુંઝાય છે ત્યારે પોતાના કાકા-મામા-ભાઈને બદલે મિત્ર પાસે દોડી જાય છે. ઘણા વરસો પહેલા એક વાર્તા વાંચી હતી, જેમાં વાર્તાના નાયકને ચાર પંક્તિઓ ગુરુજીએ આપી હતી.

**''આસનમ્ પર ઠેસનમ્ - નારી પગ નિવારણમ્**
**સત્ય સમયે બહેન અને દુઃખ સમયે મિત્ર''**

આ ''સગા'' કરતા ''મિત્ર''ને નજીક લાવવાનો કે આવવાનો જે સમય આવ્યો છે તે ખરેખર આવકારદાયક છે તેનાથી ગભરાવાની જરૂર નથી. તેનાથી કોઈ આભ તૂટી પડવાનું નથી.

## ચાલો ગિરિવર શંત્રુજય તીર્થની યાત્રાએ

✍ પંકજભાઈ બાવિશી

આપણાં સમાજ દ્વારા દર બે મહિને તીર્થયાત્રા યોજવામાં આવે છે. હમણાં જ કાવી - ગાંધાર - ઝગડિયા તીર્થની યાત્રા (તા. ૨૫ - ૨૬ મે, શનિ - રવિવાર) થઈ ગઈ. હવેની યાત્રા ગિરિરાજ શંત્રુજય તીર્થની દાદા આદિનાથને જુહારવા માટે રાખવામાં આવી છે. દર યાત્રા સમયે જે તે તીર્થ વિશે માહિતી આપવામાં આવે છે, પરંતુ હવે પછીની શંત્રુજયતીર્થની યાત્રા માટે અત્રે માહિતી લખવામાં આવી નથી, કારણ કે, આ શાશ્વતાતીર્થ વિશે જેટલું લખીએ તેટલું ઓછું છે અને આ તીર્થનો મહિમા લગભગ દરેક જૈન શ્રાવક - શ્રાવિકાને હૈયે વસેલો છે - લખેલો છે માટે તેના માટે શબ્દો રૂપે ભાવના જગાડવાનો અર્થ નથી અને તે માટે બીજા શબ્દો પણ જડતા નથી.

## પાલિતાણા યાત્રા પ્રવાસ

યાત્રાની તારીખ :- ૬ અને ૭ જુલાઈ, ૨૦૧૯, શનિ અને રવિવાર બે દિવસ.

તારીખ : ૬ જુલાઈ, શનિવારે સવારે ૬ કલાકે ૨X૨ એ.સી. બસ દ્વારા સમાજની ઑફિસ પરથી એક બસ તથા દાદા સાહેબના પગલાં પરથી એક બસ ઉપડશે.

દિવસ (૧) અમદાવાદથી રાજગૃહી તીર્થ જઈ ત્યાં નવકારશી. ત્યાંથી અયોધ્યાપુરમ્ સેવા - પૂજા - દર્શન અને સવારનું જમવાનું. મહેન્દ્રપુરમ્ દર્શન કરવાના. ડેમ ચૌવિહાર કરી રોહિશાળા (શત્રુંજી નદી) આરતી. રાત્રી રોકાણ પાલિતાણા.

દિવસ (૨) સવારે ડુંગર ચડી સેવા - પૂજા - દર્શન (જેમણે નવકારશી કરવાની હોય તેની વ્યવસ્થા છે તથા સવારનું જમવાનું હોય તેની વ્યવસ્થા છે.) સાંજના ચૌવિહાર કરી અમદાવાદ તરફ પ્રયાણ.

**નકરો :- વ્યક્તિ દીઠ રૂ. ૧,૫૦૦/-, ગૅસ્ટના રૂ. ૧,૭૦૦/-**

બુકિંગ તારીખ :- ૧લી જુલાઈ, ૨૦૧૯ના રોજ બપોરના ૧૨ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે સમાજની ઑફિસ પર બે બસ લઈ જવાની છે.

નોંધ : (૧) દરેક તીર્થમાં સાધારણ ખાતામાં રકમ લખાવી કાગળનો બગાડ ન થાય તે માટે દરેક બસમાં થેલી ફેરવવામાં આવશે, જેમની જે ઈચ્છા હોય તે રકમ તેમાં નાખવા વિનંતી છે.

(૨) સંઘ પૂજન કરવા માટે પણ થેલી ફેરવવામાં આવશે, જેમની જે ઈચ્છા હોય તે રકમ તેમાં મૂકવી. સરેરાશ ૮૨ યાત્રિક તથા બસના ૪ કર્મચારી એમ ૮૬ વ્યક્તિ ગણવી. એક રૂપિયા પ્રમાણે ઉચ્ચક ૧૦૦ ગણવા.

**(૧) એક બસના સંઘપતિનો નકરો રૂ. ૩,૦૦૦/- (૨) સવારની નવકારશીનો નકરો રૂ. ૧,૫૦૦/-**

**(૩) બપોરના ભોજનનો નકરો રૂ. ૨,૫૦૦/- (૪) સાંજના ચૌવિહારનો નકરો રૂ. ૨,૦૦૦/-**

| યોગેશભાઈ આર. કોઠારી | કલ્પેશભાઈ સી. શાહ | યાત્રા પ્રવાસ વિભાગ | અલ્પેશભાઈ એમ. શાહ |
|---|---|---|---|
| મંત્રી - મો. : ૯૩૨૭૦ ૮૬૬૭૪ | મો. : ૯૮૭૯૫ ૦૮૬૬૫ | | મો. : ૯૮૨૪૦ ૧૯૭૬૭ |


Sep-19

## પાર્શ્વ ડેન્ટલ ક્લિનિક એન્ડ ઈમપ્લાન્ટ સેન્ટર Since 2002

**ડૉ. દીપ્તિ શાહ (B.D.S.)** ફોન નંબર : ૦૭૯-૨૬૯૩૧૭૩૭ મોબાઈલ : ૯૮૨૫૫ ૯૩૭૦૭

સમય : સવારે ૯:૩૦ થી ૧:૦૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦

**દાંતની તમામ સારવાર રાહત દરે**

● દાંતના નિદાનની સુવિધા ● દાંતને પાડવાની સુવિધા ● દાંતમાં દાંત જેવા કલરનું મટિરિયલ પુરવાની સુવિધા ● દાંતને બચાવવા મુળિયાની સારવાર (સડેલા દાંતને પાડવાની જરૂર નથી.) ● ફિક્સ દાંતની સુવિધા ● દાંત પર કવર બનાવવાની સુવિધા ● દાંતના ડિજિટલ ઍક્સરે - આર. વી. જી.ની સુવિધા ● મોઢાની દુર્ગંધ, પેઢાના રોગો અને દાંતની સફાઈ માટે આધુનિક સાધનો વડે સાફ કરવાની સુવિધા ● સ્માઈલ સુધારવા માટે કૉસ્મેટિક ડેન્ટલ ટ્રીટમેન્ટની સુવિધા ● પાન-મસાલાથી બંધ થઈ ગયેલા મોઢાની સારવારની સુવિધા ● ડહાપણનાં દાઢની સારવાર તથા કાઢવાની સુવિધા ● વાંકાચુકા દાંતની સારવારની સુવિધા ● જડબામાં ઈમપ્લાન્ટ મૂકી ફિક્સ દાંત બનાવવાની સુવિધા

**U/2, રત્નદીપ કોમ્પલેક્ષ - ૧, રાહુલ ટાવરની પાછળ, ૧૦૦ ફૂટ રોડ, ગ્લોરિયા રેસ્ટોરન્ટની સામે, સેટેલાઇટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.**

## સમાજની કારોબારીની બેઠકનો અહેવાલ :

શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન સેવા સમાજ ટ્રસ્ટની કારોબારીની બેઠક તા. ૨૬-૧૨-૧૮ ને બુધવારે રાત્રે ૮-૩૦ કલાકે સર્યુ -હસુ ઝાલાવાડ સાંસ્કૃતિક ભવન ઉપર મળેલ સમાજના ઉપપ્રમુખ અને ટ્રસ્ટીશ્રી સંજયભાઈ ભરતભાઈ કોઠારીના પ્રમુખપદના નામની દરખાસ્ત શ્રી યોગેશભાઈ કોઠારી દ્વારા રજૂ કરવામાં આવી. જેને હાજર રહેવા સર્વ સભ્યોએ ટેકો આપતા શ્રી સંજયભાઈ ભરતભાઈ કોઠારીએ પ્રમુખપદ સંભાળ્યું. તેમની અનુમતીથી આ બેઠકમાં કાર્યસૂચી પરના મુદ્દાઓ ઉપર ચર્ચા-વિચારણા કર્યા બાદ જે નિર્ણય / ઠરાવ કરવામાં આવ્યા તે નીચે પ્રમાણે છે.

**બાબત-૧** : ગત તા. ૧૭-૮-૨૦૧૮ની મિટીંગના અહેવાલ (મિનિટ્સ)ની મંજુરી બાબત.

**ઠરાવ-૧** : ગત તા. ૧૭-૮-૨૦૧૮ના રોજ મળેલ કારોબારીની બેઠકમાં એજન્ડાઓ પરના મુદ્દાઓની ચર્ચા-વિચારણા કર્યા બાદ જે નિર્ણય / ઠરાવ કરવામાં આવ્યા તેનું વાંચન માનદ્ મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારી દ્વારા કરવામાં આવ્યું. તે સમયે કેટલાક સભ્યોએ પોતાનો વિરોધ રજૂ કર્યો ત્યારબાદ આ મિનિટ્સને બહુમતીથી મંજુર કરવામાં આવી.

**બાબત-૨** : કો. ઓપ્ટ સભ્યશ્રી ઉદયભાઈ હસમુખભાઈ વોરાના રાજીનામા બાબત.

**ઠરાવ-૨** : કો. ઓપ્ટ સભ્યશ્રી ઉદયભાઈ હસમુખભાઈ વોરાએ પોતાના કો. ઓપ્ટ સભ્યપદેથી રાજીનામાનો પત્ર મોકલેલ છે, પરંતુ ચર્ચા-વિચારણા બાદ હાલ આ રાજીનામુ મોકૂફ રાખવામાં આવે છે.

**બાબત-૩** : શ્રી ઝાલાવાડ સમાજના પ્રમુખશ્રી હસમુખભાઈ એન. વોરાએ આવેલ રાજીનામા બાબત.

**ઠરાવ-૩** : શ્રી ઝાલાવાડ સમાજના પ્રમુખશ્રી હસમુખભાઈ એન. વોરાએ તેમના રાજીનામા પત્રમાં પ્રમુખ, ટ્રસ્ટી અને મેનેજિંગ ટ્રસ્ટી તરીકે રાજીનામુ આપવાનું જણાવેલ છે. પ્રમુખ તરીકેનું રાજીનામું કારોબારીમાં મંજુર અથવા નામંજુર કરી શકાય. જ્યારે ટ્રસ્ટી અને મેનેજિંગ ટ્રસ્ટી તરીકેનું રાજીનામું મંજુર / નામંજુર કરવાની સત્તા ટ્રસ્ટી મંડળને છે. ત્રણેય પોસ્ટના રાજીનામા એક જ પત્રમાં આવેલ હોવાથી જ્યાં સુધી ફક્ત પ્રમુખ તરીકેના રાજીનામાનો પત્ર અલગથી ન આવે ત્યાં સુધી પ્રમુખના રાજીનામાની બાબત મુલત્વી રાખવી અને વચગાળાના પ્રમુખ તરીકેનો ચાર્જ હાલના ઉપપ્રમુખ અને ટ્રસ્ટીશ્રી સંજયભાઈ ભરતભાઈ કોઠારીને આપવામાં આવે છે. અને તેઓ પ્રમુખ તરીકેની સર્વ ફરજ બજાવશે. તેવું નક્કી કરવામાં આવે છે અને હાલમાં આવેલ પત્રની જાણ ટ્રસ્ટી મંડળને કરવી તેવું નક્કી કરવામાં આવે છે.

**બાબત-૪** : શ્રી ઝાલાવાડ સમાજના ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ શાહએ આપેલ રાજીનામા બાબત.

**ઠરાવ-૪** : શ્રી ઝાલાવાડ સમાજના ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ શાહએ આપેલ રાજીનામું મંજુર કરવાની સત્તા ટ્રસ્ટી મંડળ પાસે હોય છે. શ્રી પ્રવીણભાઈ શાહે તેમના રાજીનામાની નકલ ચેરીટી કમિશ્નરશ્રીને મોકલેલ હતી. આથી ચેરીટી કમિશ્નરની ઓફિસમાંથી ઝાલાવાડ સમાજની ઓફિસ ઉપર પત્ર આવેલ કે રાજીનામા મંજુર કરી ફેરબદલ રીપોર્ટ ભરી અમારી ઓફિસમાં મોકલી આપવા આમ છતાં રાજીનામું મંજુર કરવાની સત્તા ફક્ત ટ્રસ્ટી મંડળને હોઈ આ પત્રની જાણ ટ્રસ્ટી મંડળને કરવી તેવું નક્કી કરવામાં આવે છે.

**બાબત-૫** : બલસાણા યાત્રા પ્રવાસ અને રાજસ્થાન યાત્રા પ્રવાસની સમીક્ષા.

**ઠરાવ-૫** : આપણા સમાજ દ્વારા બલસાણા અને આજુબાજુના તીર્થનો ત્રણ દિવસનો યાત્રાપ્રવાસ યોજવામાં આવેલ તે પ્રમાણે રાજસ્થાનમાં તીર્થોનો ત્રણ દિવસનો યાત્રાપ્રવાસ યોજવામાં આવેલ. આ અંગેની માહિતી આપતા મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારી અને પ્રવાસ વિભાગનો હવાલો સંભાળતા શ્રી કલ્પેશભાઈ સી. શાહએ સંયુક્ત રીતે જણાવ્યું કે, આ બંને યાત્રા પ્રવાસ ખૂબ જ સારી રીતે સંપન્ન થયા છે. આ પ્રવાસમાં સાધર્મિક પરિવારમાંથી સાધર્મિક સભ્યોને રાહત દરે ફક્ત રૂા. ૧,૦૦૦/-માં લઈ જવામાં આવ્યા હતા. બાકીની ખૂટતી રકમ દાતાઓ પાસેથી મેળવવામાં આવી હતી. બન્ને પ્રવાસનો આવક-જાવકનો હિસાબ જણાવતા તેમણે કહ્યું કે, બન્ને પ્રવાસમાં ખર્ચ કરતા આવકનો વધારો હોવાથી બચત રહેલ છે. જે રકમ હાલ પૂરતી પ્રવાસના વિભાગમાં અલગ જગ્યાએ રાખવી અને ભવિષ્યમાં પ્રવાસમાં વાપરવી.

**બાબત-૬** : વિદ્યાર્થી બહુમાન પ્રસંગની સમીક્ષા.

**ઠરાવ-૬** : સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો બહુમાનનો પ્રસંગ તા. ૧૭-૧૦-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ હતો. આ પ્રસંગ ઉજવવા માટે જે ફંડ મેળવવામાં આવેલ છે. તે કે.એસ સી. કે ટ્રસ્ટમાં જમા છે. અને તેનું ફક્ત વ્યાજ વાપરવામાં

આવે છે. તેજસ્વી વિદ્યાર્થીઓને સારામાં સારી ગિફ્ટ આપી તેમનું બહુમાન કરવામાં આવેલ અને ત્યારબાદ સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ હતી અને હાજર સર્વે વિદ્યાર્થી અને તેમના વાલીઓએ સંતોષ સાથે સમાજ પ્રત્યે આભાર વ્યક્ત કરેલ હતો. ઉપર મુજબની માહિતી શિક્ષણ વિભાગ સંભાળતા. શ્રી ભાવિનભાઈએ આપેલ.

**બાબત-૭** : તપસ્વી બહુમાન પ્રસંગની સમીક્ષા.

**ઠરાવ-૭** : સમાજના સભ્ય પરિવારમાંથી દર વર્ષે પર્યુષણ પર્વ નિમિત્તે અઠ્ઠાઈ કે તેથી વધુ તપસ્યા કરનાર તપસ્વીઓનું બહુમાન સમાજ દ્વારા કરવામાં આવે છે. તે પ્રમાણે તા. ૧૪-૧૦-૨૦૧૮ના રોજ તપસ્વી બહુમાન પ્રસંગ યોજવામાં આવેલ. આ પ્રસંગમાં તપસ્વીઓનું બાદલા અને કેસરથી કુમકુમ તિલક કરી મોતીની માળા પહેરાવી શ્રીફળ વડે બહુમાન કરવામાં આવ્યું. સાથોસાથ સમાજના દાતાઓ તરફથી મળેલ પ્રભાવના દાનની રકમમાંથી દરેક તપસ્વીઓને રૂા. ૬૫૦/-નું કવર આપવામા આવેલ. તપશ્ચર્યા નિમિત્તે બહુમાનમાં પાંચ લીટરનો હોટ એન્ડ કોલ્ડ જગ આપવામાં આવેલ. બહુમાન બાદ તપસ્વીઓને બેસાડીને ભોજન કરાવવામાં આવેલ હતું. આ તપસ્વી બહુમાન પ્રસંગમાં મહેમાન તરીકે ૧૮૦ ઉપવાસના ઉગ્ર તપસ્વી આયંબિલના પારણે આયંબિલથી વર્ષીતપ કરનાર શ્રી અનીલભાઈ મણીલાલ શાહને મુખ્ય મહેમાન તરીકે લાવવામાં આવ્યા હતા. તેઓએ માંગલિક પ્રવચન સાથે સમાજને રૂા. ૧૧,૦૦૦/- કેળવણી ફંડમાં દાન આપવાની જાહેરાત કરી હતી. ઉપરોક્ત માહિતી તપસ્વી બહુમાન વિભાગ સંભાળતા નયનભાઈ શાહ અને દિલીપભાઈ ડગલીએ આપેલ હતી.

**બાબત-૮** : આગામી સમૂહલગ્નના આયોજન બાબત.

**ઠરાવ-૮** : સમાજ દ્વારા આગામી ૪૨મો સમૂહલગ્ન તા. ૧૦-૨-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ છે. તે અંગેની માહિતી આપતા મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારી અને કન્વીનર કિશોરભાઈ શાહએ જણાવેલ કે, ૮ કપલનું રજિસ્ટ્રેશન થઈ ગયેલ છે. હજી કપલ વધીને ૧૨ થી ૧૫ કપલ થવાની શક્યતા છે. શ્રી રૂષભભાઈ શાહએ જણાવેલ કે આ સમૂહ લગ્નની વ્યવસ્થા અને ભેટ અંગેની ઘણી બધી જવાબદારી શ્રી યોગેશભાઈ કોઠારી અને શ્રી પંકજભાઈ બાવિશી ઉપાડેલ છે. આથી આ સમૂહલગ્ન સારામાં સારી રીતે થશે.

**બાબત-૯** : મેરેજ બ્યુરો હવે ઓનલાઈન થયેલ છે અને તેમાં જાહેરાત બાબત.

**ઠરાવ-૯** : સમાજ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી મેરેજ બ્યુરો ચાલે છે. ચારે ફીરકાના જરૂરિયાતવાળા વાલીઓ દર શનિવારે બપોરે ૩ થી ૬ દરમિયાન સમાજની ઓફિસે રજિસ્ટ્રેશન કરાવીને યુવક-યુવતીના ડેટા ચકાસે છે. આ અંગે વધુ માહિતી આપતા આ વિભાગના હવાલો સંભાળતા શ્રી હસમુખભાઈ કે. શાહ અને શ્રી મેહુલભાઈ મહેતાએ જણાવ્યું કે ઓનલાઈન રજિસ્ટ્રેશન માટેની કાર્યવાહી પૂરી કરવામાં આવેલી છે. જેથી ઉમેદવારના વાલીઓ પોતાના ઘરેથી રજિસ્ટ્રેશન અંગેની સીધી કાર્યવાહી કરી શકશે. આ વ્યવસ્થામાં કોઈએ જાહેરાત આપવી હોય તો તે આવકાર્ય છે, તે માટે સંપર્ક કરવા વિનંતી.

**બાબત-૧૦** : દિવાળી નિમિત્તે સાધર્મિક સહાયના પ્રોગ્રામની સમીક્ષા અને સાધર્મિક પરિવારને વિનામૂલ્ય ઉત્તરાયણ પર્વ નિમિત્તે ચીજ-વસ્તુનું વિતરણ તથા સાધર્મિક ભક્તિ કરવા બાબત.

**ઠરાવ-૧૦** : દિવાળી પર્વ નિમિત્તે સાધર્મિક પરિવારને મીઠાઈ, નમકીન અને અન્ય ચીજ-વસ્તુનું વિતરણ કરવામાં આવેલ ત્યારબાદ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ અંગે દાતાઓ તરફથી આર્થિક સહયોગ સાંપડેલ. તે સર્વે દાતાઓનો સમાજ આભાર માને છે.

હવે આવી રહેલ ઉત્તરાયણ પર્વ નિમિત્તે સાધર્મિક પરિવારને વિનામૂલ્યે ચીજ-વસ્તુનું વિતરણ કરવામાં આવનાર છે. તે અંગે દાતાઓનો સંપર્ક ચાલુ છે. આ અંગેની માહિતી સાધર્મિક વિભાગ સંભાળતા અલ્પેશભાઈ કોઠારી અને હેમંતભાઈ પરીખ દ્વારા આપવામાં આવી.

**બાબત-૧૧** : અમદાવાદ શહેરનો વિસ્તાર વધતા અને સમાજની સભ્યસંખ્યા વધતા હાલના ૨૩ કારોબારી સભ્યની સંખ્યામાં વધારો કરી કુલ ૨૫ સભ્યો કરવા (૨ સભ્ય નવા વધારવા બાબત વિચારણા.)

**ઠરાવ-૧૧** : અમદાવાદ શહેરનો વિસ્તાર વધતા અને સમાજની સભ્યસંખ્યા વધતા હાલના ૨૩ કારોબારી સભ્યની સંખ્યામાં વધારો કરી કુલ ૨૫ સભ્યો કરવા (૨ સભ્યો નવા વધારવા). આ બાબતની ચર્ચા-વિચારણા કરતા આ બાબતને હાલ મુલતવી રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

**બાબત-૧૨ :** વિધવા સહાય બાબત.

**ઠરાવ-૧૨ :** હાલમાં આશરે ૪૦ વિધવા બહેનો છે, જેમાં કે.એસ.સી.કે. ટ્રસ્ટમાંથી દર મહિને ૭ તારીખે રૂા. ૧૦૦૦/-ની ખાદ્ય ચીજવસ્તુ માટેની સહાય કરવામાં આવે છે. વર્ષોથી આ પ્રથા ચાલુ હતી, પરંતુ તાજેતરમાં કે.એસ.સી.કે. ટ્રસ્ટના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ તરફથી એક લેખિત નોંધ આવેલ છે કે આ ટ્રસ્ટ સાર્વજનિક હોય તો એક જ જ્ઞાતિની વિધવા બહેનોને સહાય આપી શકાય નહીં માટે હવે પછીથી આ સહાય ઝાલાવાડ સમાજમાંથી આપવી અને ઝાલાવાડ સમાજમાં વિધવા સહાય માટે નવું ફંડ ઊભું કરવું. આથી આ બાબતે વધુ ચર્ચા-વિચારણા કરી નિર્ણય કરવામાં આવશે.

**બાબત-૧૩ :** નવા સભ્યની આવેલ અરજી અંગે કાર્યવાહી કરવા અંગે.

**ઠરાવ-૧૩ :** સમાજના સભ્ય બનવા અંગે આવેલ અરજીઓ જેમાં નવા સભ્ય, નામ ટ્રાન્સફર અને રસોડું જુદુની અરજીઓ આવેલ તેમાંથી નીચેની અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.

**નવા સભ્યો :-**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | શાહ દિપેનભાઈ પ્રફુલ્લભાઈ | – | લીંબડી | (૨) | શાહ પ્રિયાંક હરેશકુમાર | – | અંકેવાળીયા |
| (૩) | ધોળકીયા અરવિંદભાઈ ચંદુલાલ | – | સુરેન્દ્રનગર | (૪) | શાહ મનીષકુમાર વિનોદચંદ્ર | – | ધ્રાંગધ્રા |
| (૫) | શાહ પ્રિતેષકુમાર પ્રવીણચંદ્ર | – | સુરેન્દ્રનગર | (૬) | બાવિશી જીગર નગીનદાસ | – | વિરમગામ |
| (૭) | શાહ ભાવેશ પ્રવીણચંદ્ર | – | મૂળી | | | | |

**નામ ટ્રાન્સફર :-**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | કુવાડીયા નીરવ નિરંજનભાઈ | – | વડોદ | (૨) | શાહ પૂર્વીબેન હિમાંશુભાઈ | – | ઝીંઝુવાડા |
| (૩) | સંઘવી તેજસકુમાર કાન્તિલાલ | – | કુંવાળીયા | (૪) | બાવિશી ઈશિત હરકેશકુમાર | – | ચુડા |
| (૫) | શાહ જીજ્ઞેશ પ્રવીણભાઈ | – | લીંબડી | (૬) | શાહ જૈનીશ કૌશિકકુમાર | – | સાયલા |
| (૭) | મહેશભાઈ ચીમનલાલ દફતરી | – | ધ્રાંગધ્રા | (૮) | શાહ પરાગ પ્રવિણચંદ્ર | – | મૂળી |
| (૯) | કપાસી નિલેષ ડાહ્યાભાઈ | – | ઝીંઝુવાડા | | | | |

**રસોડું જુદું :-**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | શાહ વિકેશભાઈ કાન્તિલાલ | – | લીંબડી | (૨) | શાહ અંકિત દિલીપભાઈ | – | બલોલ |
| (૩) | શાહ મહેશભાઈ કાન્તિલાલ | – | લીંબડી | (૪) | બાવિશી હિતેન રતીલાલ | – | ચુડા |
| (૫) | શાહ કિંતલ પ્રવીણચંદ્ર | – | ઝીંઝુવાડા | (૬) | મહેતા ભદ્રેશભાઈ ધીરજલાલ | – | વીંછીયા |
| (૭) | પરીખ અતુલભાઈ દશરથલાલ | – | લીંબડી | | | | |

**બાબત-૧૪ :** સમાજના અમુક સભ્યો દ્વારા સમાજની સાધારણ સભા બોલાવવા અંગે આવેલ પત્ર બાબત.

**ઠરાવ-૧૪ :** સમાજના અમુક સભ્યો દ્વારા સમાજની સામાન્ય સભા બોલાવવા અંગે આવેલ પત્રનું વાંચન મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારી દ્વારા કરવામાં આવ્યું. આ મુદ્દાની ચર્ચા-વિચારણા હાથ ઉપર લેતાં કેટલાંક સભ્યોએ ઉગ્ર રીતે ન બોલાય તેવા શબ્દોમાં તેમની રજૂઆત કરી. આથી બીજા સભ્યો પણ તેનાં પ્રતિકારમાં ઉગ્ર રજૂઆત કરી. આમ સામ-સામે સભ્યો દ્વારા આક્ષેપ પ્રતિ આક્ષેપોનો મારો ચાલુ થયો.

પ્રમુખ સ્થાને બેઠેલા શ્રી સંજયભાઈ કોઠારીએ ટ્રસ્ટીશ્રી મધુકરભાઈ ડગલી સાથે વાત કર્યા પછી એવું જાહેર કર્યું કે, અમે બંને ટ્રસ્ટીઓ બહાર જઈ ચર્ચા કરી આપને જણાવીએ છીએ અને બન્ને ટ્રસ્ટીઓ બહાર ગયા.

બંને ટ્રસ્ટીઓએ બહારથી આવ્યા બાદ પ્રમુખશ્રી સંજયભાઈ કોઠારીએ જણાવ્યું કે, છેલ્લાં કેટલાંક સમયથી સભ્યો અંદરોઅંદર આક્ષેપ અને પ્રતિઆક્ષેપ ચલાવે છે. માટે શું કરવું ? તેની ચર્ચા કરતા હતા, તે સમય દરમિયાન શ્રી સુરેશભાઈ (માજી મંત્રીશ્રી) પણ ત્યાં આવ્યા અને તેમનો અભિપ્રાય લેતાં તેઓએ જણાવ્યું કે, આ પરિસ્થિતિ લાંબો સમય ચાલી શકે તેમ નથી. માટે નવી ચૂંટણી જાહેર કરવી જોઈએ. આથી અમો નવી ચૂંટણી જાહેર કરવા બાબતે તમારો અભિપ્રાય જાણવા માંગીએ છીએ. ત્યારે ત્યાં હાજર રહેલા સર્વ સભ્યોએ હવે નવી ચૂંટણી કરાવો તે જ બરાબર છે. તેમ સર્વાનુમતે જણાવ્યું.

પ્રમુખ સ્થાનેથી શ્રી સંજયભાઈ કોઠારી અને ટ્રસ્ટીશ્રી મધુકરભાઈ ડગલીએ સંયુક્ત રીતે જણાવ્યું કે હવે સમાજના ૨૩ કારોબારી સભ્યોને ચૂંટવા માટે ચૂંટણી કરવાની જાહેરાત કરવામાં આવે છે અને ચૂંટણી અંગેનો સંપૂર્ણ કાર્યક્રમ અમે બન્ને સાથે મળીને કરીશું. આ અંગે ચૂંટણી કમિશ્નરશ્રીઓની નિમણૂક અને તેઓની સ્વીકૃતિ અંગેની કાર્યવાહી પૂર્ણ કરી વિગતવાર તારીખ સાથેનો પ્રોગ્રામ તૈયાર કરીશું. તેની જાહેરાત સમાજ દર્પણમાં કરવામાં આવશે. આથી હવે સાધારણ સભા બોલાવવાની રહેતી નથી. જેની દરેક કારોબારી સભ્યએ નોંધ લેવી. આ જાહેરાતને હાજર રહેલ દરેક કારોબારી સભ્યોએ તાળી પાડી વધાવી લીધી. આ જાહેરાત ખૂબ જ સમયસરની અને અગત્યની છે, તેવો અભિપ્રાય વ્યક્ત કર્યો. આ સાથે જ આવનારી ચૂંટણી માટેની કાર્યવાહી કરવાની સંપૂર્ણ સત્તા શ્રી સંજયભાઈ કોઠારી અને મધુકરભાઈ ડગલીને સંયુક્ત રીતે સોંપવાની સર્વ કારોબારી સભ્યોએ સત્તા આપી અને ચૂંટણી અંગેની કાર્યવાહીમાં પ્રમુખ તરીકે નિર્ણય શ્રી સંજયભાઈએ શ્રી મધુકરભાઈ સાથે ચર્ચા કરી લેવા.

**બાબત-૧૫** : પ્રમુખસ્થાનેથી અથવા તેમની અનુમતીથી જે કાંઈ રજૂ થાય તે.

**ઠરાવ-૧૫** : પ્રમુખસ્થાનેથી શ્રી સંજયભાઈ કોઠારીએ જણાવેલ કે આજના કારોબારીની મિટીંગના એજન્ડાઓમાંથી ઘણા એજન્ડા સરળતાથી મંજુર થયા. અમુક એજન્ડાઓ ઉપર ચર્ચા પ્રતિ ચર્ચા થઈ. જ્યારે બે-ત્રણ એજન્ડાઓ ઉપર ઉગ્રતાપૂર્વક રજૂઆત કરવામાં આવી, પરંતુ તે અંગેના નિર્ણયોમાં નવી ચૂંટણી કરવાની જાહેરાત કરતા, અંતે સારા પરિણામ આવેલ હોય અને જે-તે સભ્યોની માંગણી પૂર્ણ થયેલ હોઈ આ બેઠકનો અંત સારો આવેલ છે. આગળમાં શ્રી સંજયભાઈ કોઠારી તથા શ્રી મધુકરભાઈ ડગલીએ સંયુક્ત રીતે જણાવ્યું કે, હવે કોઈપણ બાબતે વાદ-વિવાદ રહેતો નથી અને નવી આવતી ચૂંટણી માટે સંપૂર્ણ જવાબદારી કોઈપણ જાતના ભેદભાવ વગર અમે બન્ને એટલે કે, (૧) શ્રી સંજયભાઈ કોઠારી, (૨) શ્રી મધુકરભાઈ ડગલી સાથે રહીને કરીશું. અને જ્યાં જરૂર પડે ત્યાં હાલના મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારીનો સાથ સહકાર લઈ ચૂંટણીની સંપૂર્ણ કાર્યવાહી પૂર્ણ કરીશું. માટે હવે સૌ પોતપોતાની રીતે કાર્ય કરી સમાજની પ્રગતિમાં સાથ-સહકારક આપશો એવી અપેક્ષા રાખીએ છીએ.

એજન્ડા ઉપરના સર્વ કાર્યો પૂર્ણ થયેલ હોવાથી આજની મિટીંગ પૂર્ણ થયાની જાહેરાત કરવામાં આવી.

•

# સાધર્મિક પરિવારને ઘઉં વિતરણ

**આપણાં સમાજના સાધર્મિક પરિવારને ઘઉં રાહત દરે આપવાના છે. તે માટે જેઓએ આર્થિક સહયોગ જાહેર કર્યો છે તેની યાદીની નીચે પ્રમાણે છે. દાન લેવાનું ચાલુ છે. આર્થિક સહયોગ આપવા વિનંતી**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | રૂ. ૧૧,૦૦૦ | હસમુખભાઈ ન્યાલચંદભાઈ વોરા | ૧૨. | રૂ. ૨,૫૦૦ | પંકજભાઈ મનસુખલાલ બાવિશી |
| ૨. | રૂ. ૧૧,૦૦૦ | પ્રવીણભાઈ આત્મારામ શાહ | ૧૩. | રૂ. ૨,૫૦૦ | સુધીરભાઈ સુરેશચંદ્ર શાહ |
| ૩. | રૂ. ૧૧,૦૦૦ | સંજયભાઈ ભરતભાઈ કોઠારી | ૧૪. | રૂ. ૨,૫૦૦ | ભાવિનભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| ૪. | રૂ. ૧૧,૦૦૦ | હેમંતભાઈ રોહિતભાઈ પરીખ | ૧૫. | રૂ. ૨,૫૦૦ | અતુલભાઈ પ્રવીણભાઈ શાહ |
| ૫. | રૂ. ૬,૦૦૦ | શારદાબેન અરવિંદભાઈ મહેતા | ૧૬. | રૂ. ૨,૫૦૦ | દિપેનભાઈ હસમુખભાઈ શાહ |
| ૬. | રૂ. ૫,૦૦૦ | ધર્મેશભાઈ નટુભાઈ શાહ | ૧૭. | રૂ. ૨,૫૦૦ | પિયુષભાઈ રતિલાલ બાવિશી |
| ૭. | રૂ. ૫,૦૦૦ | યોગેશભાઈ રસિકલાલ કોઠારી | ૧૮. | રૂ. ૨,૫૦૦ | કેતનભાઈ રમણલાલ શાહ |
| ૮. | રૂ. ૫,૦૦૦ | હસમુખભાઈ કાન્તિલાલ શાહ | ૧૯. | રૂ. ૨,૫૦૦ | મનીષભાઈ શશીકાન્તભાઈ શાહ |
| ૯. | રૂ. ૫,૦૦૦ | દેવર્ષી રાજેશભાઈ શાહ | ૨૦ | રૂ. ૨,૫૦૦ | સ્વ.ઉષાબહેન અનિલભાઈ શાહ |
| ૧૦. | રૂ. ૫,૦૦૦ | ઋષભભાઈ વિપિનભાઈ શાહ | ૨૧. | રૂ. ૨,૦૦૦ | કમલાબેન પ્રમચંદભાઈ મહેતા |
| ૧૧. | રૂ. ૩,૦૦૦ | સ્વ. મરઘાબહેન નવનીતલાલ ધ્રુવ | | ૧,૦૨,૫૦૦ | |

# સમાજની કારોબારી બેઠકનો અહેવાલ

આપણા સમાજની કારોબારીની બેઠક તા. ૧૪-૬-૨૦૧૯ને શુક્રવારના રોજ રાત્રે ૮-૩૦ કલાકે શ્રી ઝાલાવાડ સમાજની ઓફિસ (સરયુ-હસુ ઝાલાવાડ સાંસ્કૃતિક ભવન) ખાતે મળેલ. આજની આ સભાનું પ્રમુખસ્થાન કાર્યકારી પ્રમુખ અને ટ્રસ્ટીશ્રી સંજયભાઈ ભરતભાઈ કોઠારીએ સંભાળેલ. તેમની અનુમતીથી એજન્ડા ઉપરના કામો બાબત ચર્ચા-વિચારણા કર્યા બાદ જે નિર્ણય / ઠરાવ કરવામાં આવ્યા તેની નોંધ નીચે પ્રમાણે છે.

કે.એસ.સી.કે. ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી સેવંતીભાઈ એસ. કપાસી અને પૂર્વ કારોબારી સભ્ય વિનયભાઈ વોરાનું દુઃખદ અવસાન થતા તેઓને કારોબારી કમિટી દ્વારા બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

**બાબત-૧** : તા. ૨૬-૧૨-૨૦૧૮ના રોજ મળેલ છેલ્લી કારોબારી મિટીંગની મિનિટ્સનું વાંચન.

**ઠરાવ-૧** : તા. ૨૬-૧૨-૨૦૧૮ના રોજ મળેલ છેલ્લી કારોબારી મિટીંગની મિનિટ્સનું વાંચન માનદ્ મંત્રી શ્રી યોગેશભાઈ કોઠારી દ્વારા શરૂ કરવામાં આવ્યું. વાંચનના અધવચ્ચે અમુક સભ્યો દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા, મિટીંગમાં હાજર ટ્રસ્ટીશ્રી અને પૂર્વ પ્રમુખ શ્રી પ્રવીણભાઈ એ. શાહે જણાવ્યું કે મિનિટ્સનું વાંચન થઈ જવા દો અને તેમાં કોઈ પ્રશ્ન હોય તે લેખિતમાં આપી શકો છો. દરેક સભ્યોને મિનિટ્સની ઝેરોક્ષ આપવી, અને મિનિટ્સનું વાંચન પૂરું કરવામાં આવ્યું.

**બાબત-૨** : તા. ૧૭-૩-૨૦૧૯ના ચૂંટણી અને તા. ૧૫-૫-૨૦૧૯ના રોજ આપેલ ચેરિટી કમિશ્નરના કોર્ટના ચૂકાદા બાબત.

**ઠરાવ-૨** : તા. ૧૭-૩-૨૦૧૯ની ચૂંટણી અને તા. ૧૫-૫-૨૦૧૯ના રોજ આવેલ ચેરિટી કમિશ્નરના કોર્ટના ચૂકાદા બાબતે માનદ્ મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારીએ જણાવ્યું કે સર્વે ટ્રસ્ટીશ્રીઓ અને કારોબારી સભ્યોને આ ચૂકાદા બાબતે સંપૂર્ણ જાણકારી છે, પરંતુ સમાજના સભ્યોને જાણકારી મળી રહે તે માટે જણાવવાનું કે, તા. ૨૬-૧૨-૨૦૧૮ના રોજની મિટીંગમાં કારોબારી સભ્યો દ્વારા સર્વાનુમતે ચૂંટણી કરવાની અને તેની જવાબદારી ટ્રસ્ટીશ્રી મધુકરભાઈ ડગલી અને શ્રી સંજયભાઈ કોઠારીને સોંપવામાં આવેલ. તેઓએ આ ચૂંટણી અંગેની સંપૂર્ણ તૈયારી પૂરી કરી હતી. ત્યાર બાદ વિકાસ પેનલના સભ્યો ચૂંટણી રોકવા સ્ટે લેવા ગયેલ, પરંતુ તેઓને સ્ટે મળેલ નહોતો અને તા. ૧૭-૩-૨૦૧૯ના રોજ ચૂંટણી થઈ પરિણામ જાહેર થયું. અને કોર્ટ દ્વારા આપેલ તારીખ ૧૦-૪-૨૦૧૯ના રોજ સુનાવણી શરૂ થઈ. ત્યાર બાદ તા. ૧૫-૫-૨૦૧૯ના રોજ આપેલ ચૂકાદામાં જણાવવામાં આવ્યું કે, આપણા સમાજના બંધારણમાં કારોબારીની ટર્મ ૨ વર્ષની હોઈ અને વચગાળાના સમયમાં ચૂંટણી કરવાની કોઈ જોગવાઈ ન હોવાથી આ સમગ્ર પ્રક્રિયા રદ કરવામાં આવેલ છે. કારોબારીની ટર્મની મુદત અંગે કોઈ પણને જાણકારી ન હોવાથી આ પરિસ્થિતિનું નિર્માણ થયેલ હતું.

**બાબત-૩** : વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના શ્રી ઝાલાવાડ સમાજના આવક-જાવકના હિસાબ અને પાકુ સરવૈયું મંજુર કરવા બાબત.

**ઠરાવ-૩** : વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના શ્રી ઝાલાવાડ સમાજના આવક-જાવકના હિસાબ અને પાકુ સરવૈયું મંજુર કરવા બાબતે સમાજના ખજાનચી શ્રી સુધીરભાઈ એસ. શાહ દ્વારા આવક-જાવકની મુખ્ય બાબતો અંગે આંકડા સાથે માહિતી આપેલ હતી અને આ સરવૈયા બાબતે કોઈપણ પ્રશ્ન હોય તો પૂછવા જણાવેલ, સભ્યો દ્વારા કોઈ પ્રશ્ન રજૂ ન થતાં વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના આવક-જાવકના હિસાબ અને પાકુ સરવૈયું સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું.

**બાબત-૪** : તા. ૯-૬-૨૦૧૯ના રોજ નોટબુક-ચોપડાના વિતરણના અહેવાલ બાબત.

**ઠરાવ-૪** : તા. ૯-૬-૨૦૧૯ના રોજ નોટબુક-ચોપડાના વિતરણના અહેવાલ બાબત શિક્ષણ કમિટીના કન્વીનર શ્રી ભાવીનભાઈ શાહએ જણાવ્યું કે આ વર્ષે ૧૧૧૦ ડઝન ચોપડા બનાવવામાં આવેલ છે. વિતરણના દિવસે ૮૬૦ ડઝન ફૂલસ્કેપ ચોપડાનું વેચાણ થયેલ છે. નોટબુક અંગે દાતા શ્રી ચંદ્રકાન્તભાઈ ધીરજલાલ શાહ દ્વારા નોટબુકો આપવામાં આવેલ હતી, જે સભ્યો અનિવાર્ય કારણસર તે દિવસે આવી શક્યા ન હતા. તેઓને ફૂલસ્કેપ ચોપડા / નોટબુકોનું વિતરણ બાકી હોવાથી સંપૂર્ણ અહેવાલ હવે પછીની મિટીંગમાં રજૂ કરવામાં આવશે.

**બાબત-૫** : તા. ૧૪-૭-૨૦૧૯ના રોજ ધો. ૧ થી ૯ સુધીના વિદ્યાર્થીઓના બહુમાન પ્રસંગ અંગે.

**ઠરાવ-૫** : તા. ૧૪-૭-૦૧૯ના રોજ ધો. ૧ થી ધો. ૯ સુધીના વિદ્યાર્થીઓના બહુમાન પ્રસંગ અંગે શિક્ષણ કમિટીના કન્વીનરશ્રી ભાવિનભાઈ શાહે જણાવ્યું કે સમાજ દર્પણ પત્રિકામાં આ અંગેનું ફોર્મ ૨ માસ સુધી છાપવામાં આવેલ છે. બાકીના કામ અંગેની તૈયારીઓ ચાલુ છે.

**બાબત-૬** : સાધર્મિક કુટુંબોને ઘઉંના વિતરણ બાબત.

**ઠરાવ-૬** : સાધર્મિક કુટુંબોને ઘઉંના વિતરણ અંગે સાધર્મિક કમિટીના કન્વીનર શ્રી અલ્પેશભાઈ કોઠારી અને શ્રી હેમંતભાઈ પરીખે જણાવ્યું કે આ પ્રોજેક્ટ માટે આશરે રૂા. ૩ લાખની જરૂર પડશે. બેઠકમાં હાજર રહેલ સર્વને અપીલ છે કે આપ આપનો આર્થિક સહયોગ જણાવો (બેઠકમાં થયેલ ફંડની યાદી આ અંકમાં અન્યત્ર છાપવામાં આપેલ છે.)

**બાબત-૭** : વિધવા સહાય માટે નવું ફંડ ઊભું કરવા તથા મુખ્ય દાતાનું નામ આપવા બાબત. (બજેટ આશરે રૂા. ૫૦ લાખના વ્યાજમાંથી)

**ઠરાવ-૭** : વિધવા સહાય માટે નવું ફંડ ઊભું કરવા તથા મુખ્ય દાતાનું નામ આપવા બાબત (બજેટ આશરે રૂા. ૫૦ લાખના વ્યાજમાંથી ચર્ચા-વિચારણા કરતા નીચે મુજબના સૂચન આવેલ છે.

(૧) પ્રોજેક્ટ નવો હોવાથી શું થઈ શકે તે માટે દરેક સભ્યને વિચારવા માટે આવતી બેઠક સુધીનો સમય આપો.

(૨) અત્રે આપેલ માહિતી પ્રમાણે હાલમાં આશરે ૪૦ વિધવા બહેનોને આ સહાય આપવામાં આવે છે. હકીકતે જે વિધવાબેનોને કમાણીનું કોઈ સાધન ન હોય તેઓને જ આ સહાય આપવી જોઈએ.

(૩) નં. ૨માં થયેલ સૂચન પ્રમાણે ૪૦ વિધવા બેનોનો એક ફોર્મ બનાવી સર્વે કરવો જોઈએ.

(૪) ગુજરાત સરકારશ્રી દ્વારા વિધવા બહેનોને હવે દર માસે રૂા. ૧૨૫૦/-ની સહાય કરવામાં આવે છે તે અંગે આપણી સહાયમાં સમાવેશ કરી વિચારવું જોઈએ.

(૫) જે કોઈ દાત્તાશ્રી ઓછામાઓછા રૂ. ૨૧લાખ આપશે તેનું નામ આ પ્રોજેક્ટ સાથે જોડવામાં આવશે.

મંત્રીશ્રી યોગેશભાઈ કોઠારીએ જણાવ્યું કે ચાલુ માસે વિધવા સહાયના પ્રોગ્રામ વખતે હું અને પંકજભાઈ બાવિશી અને વી. કે. શાહ હાજર રહ્યા હતા અને દરેક વિધવા બેનોને સરકાર દ્વારા મળતી વિધવા સહાયના ફોર્મ આપવામાં આવેલ છે. આ સર્વે બાબતોને ધ્યાનમાં લેતાં આ એજન્ડા આવતી મિટીંગ સુધી મુલતવી રાખવામાં આવે છે.

**બાબત-૮** : તા. ૨૫-૫-૨૦૧૯ અને તા. ૨૬-૫-૨૦૧૯ના બે દિવસની કાવી, ગંધાર, ઝગડીયા અને તા. ૬-૭-૦૧૯ અને તા. ૭-૭-૨૦૧૯ની બે દિવસની પાલીતાણાની ટુર બાબત.

**ઠરાવ-૮** : તા. ૨૫-૫-૨૦૧૯ અને તા. ૨૬-૫-૨૦૧૯ની બે દિવસની કાવી, ગંધાર, ઝગડીયાની અને તા. ૬-૭-૦૧૯ અને તા. ૭-૭-૦૧૯ની બે દિવસની પાલીતાણાની ટુર બાબત પ્રવાસ કમિટીના કન્વીનરશ્રી કલ્પેશભાઈ સી. શાહે જણાવેલ કે, તા. ૫-૫-૨૦૧૯ અને તા. ૨૬-૫-૨૦૧૯ની ૨ દિવસની યાત્રામાં કુલ ૮૦ પ્રવાસી આવેલ. આ સમગ્ર તીર્થયાત્રામાં ૨ X ૨ એ.સી. બસ હોવાથી અને ધર્મશાળાના રૂમ પણ એ.સી. હોવાથી તેમજ ભોજનની વ્યવસ્થા સારી હોવાથી દરેક યાત્રિકને કોઈ પણ તકલીફ પડેલ નથી અને દરેકને સંપૂર્ણ સંતોષ થયેલ છે.

(૧) અગાઉની તીર્થયાત્રામાં ખર્ચ કરતાં આવકનો વધારો થયેલ હોવાથી, આ યાત્રામાં ચાર્જ ઓછો રાખવામાં આવેલ, જેના કારણે રૂા. ૧૪,૦૬૩-૦૦ નો તોટો આવેલ, જે અગાઉની બચતમાંથી લઈ હિસાબ સરભર કરેલ છે.

(૨) અગાઉની પાલીતાણા પ્રવાસની માહિતી સમાજ દર્પણના ગત અંકમાં પાના નં. ૪ ઉપર આપવામાં આવેલ છે. આ યાત્રાપ્રવાસ અંગે બસ તથા ધર્મશાળાના બુકીંગની કાર્યવાહી ચાલુ છે. હવે પછીના સમાજ દર્પણના અંકમાં આ યાત્રા-પ્રવાસની માહિતી ફરી છાપવામાં આવનાર છે.

**બાબત-૯** : નવા સભ્ય, રસોડું જુદુ અને નામ ટ્રાન્સફરના આવેલ ફોર્મ મંજુર કરવા બાબત.

**ઠરાવ-૯** : આજની બેઠક સુધીમાં સમાજના નવા સભ્ય બનવા માટે, રસોડું જુદા થવાના ફોર્મ તથા નામ ટ્રાન્સફરના જે ફોર્મ મંજુર થયા તેની યાદી નીચે પ્રમાણે છે.

**બાબત-૧૦** : પ્રમુખસ્થાનેથી અથવા તેમની અનુમતીથી જે કાંઈ રજૂ થાય તે.

**ઠરાવ-૧૦** : પ્રમુખસ્થાનેથી શ્રી સંજયભાઈ ભરતભાઈ કોઠારીએ જણાવ્યું કે, આપણે સૌએ હવે પછીના સમયમાં જૂની બધી જ વાતો ભૂલીને સૌએ સાથે મળીને કામ કરવાનું છે. અને સમાજના જે કામો છે, તેમાં સૌએ સાથ-સહકાર આપી કામોને વધુ સારા કરવા પ્રયત્ન કરવાના છે. દરેક પ્રશ્નો ઉપર ચર્ચા-વિચારણા અવશ્ય કરવી જોઈએ. દરેક કારોબારી સભ્યને જે તે મુદ્દા ઉપર પોતાના વિચારો રજૂ કરવાનો સંપૂર્ણ હક્ક છે, પરંતુ સમાજ માટે શું સારી બાબત છે તે પ્રમાણેની વાત થવી જોઈએ, માટે ભૂતકાળમાં વીતેલ કોઈ પણ પ્રસંગો કે બનાવોને ભૂલીને અને વર્તમાનને સ્વીકારીને સમાજના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.

એજન્ડા ઉપરના સર્વે કામ પૂર્ણ થયેલ હોવાથી આજની મિટીંગનું કામકાજ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યું.

# મૂઠીઊંચેરા માનવી સેવંતીભાઈ કપાસીને સ્મરણાંજલિ

પંકજભાઈ બાવિશી

મુંબઈના ઝાલાવાડ સમાજમાં જેમનું સ્થાન અદકેરું હતું તેવા સ્વ. સેવંતીભાઈ કપાસી ચૂડાના વતની અને કર્મભૂમિમુંબઈ. પરંતુ, આપણા ઝાલાવાડ સમાજ સાથે એક ઝાલાવાડીના નાતે તથા આપણાં પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ આત્મારામશાહના સાળાના સંબંધે આપણાં ઝાલાવાડ સમાજનાં ઉત્કર્ષમાં સદા ભાગીદાર રહ્યાં છે. આપણો ઝાલાવાડ સમાજ આર્થિક રીતે મજબૂત થાય તથા તેના સભ્ય પરિવારના લોકોનો વિકાસ થાય તે માટે તેમણે નવા બનાવેલા ટ્રસ્ટને આર્થિક યોગદાન આપી, તે ટ્રસ્ટને પોતાના માતુશ્રી "કમળાબેન શાંતિલાલ ચુનીલાલ કપાસી પ્રેરિત ઝાલાવાડ સર્વકલ્યાણ સાર્વજનિક ટ્રસ્ટ" એવું નામઆપી આર્થિક સહયોગ આપ્યો. "સરયુ - હસુ ઝાલાવાડ સાંસ્કૃતિક ભવન"માં પણ યોગદાન આપ્યુ જે આજે વટવૃક્ષ જેવું બની ગયું છે. આવા દિલેર દાતાને સ્મરણાંજલિ અર્પવા આપણા સાંસ્કૃતિક ભવનમાં એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવેલ હતું.

કપાસી પરિવારના સભ્યોની હાજરીમાં સ્વ. સેવંતીભાઈ કપાસીને ચાહનાર લોકોથી સમગ્ર હોલ ભરાઈ ગયો તેજ તેમની કેટલી લોકચાહના હતી તેની ઝાંખી દર્શાવે છે. સંગીતકાર દંપતી દ્વારા એક પછી એક પ્રાસંગિક ગીતો રજૂ કરવામાં આવતા હતા ત્યારે ત્યાં બેઠેલા સગા-સંબંધી-સ્નેહીજનો અને મિત્રો સજળ નેત્રે સ્વ. સેવંતીભાઈ સાથેના પોતાના સંભારણા વાગોળતા હતા. જાણે એમલાગતું હતું કે, સૌનો સાથીદાર, સૌનો રાહબર, દિન-દુ:ખિયાનો બેલી, સૌનો સહારો, બીજાના આંસુ લૂછનાર આજે દરેકની આંખોમાં આંસુ મૂકી અનંતની યાત્રાએ ચાલ્યો ગયો તેનો અહેસાસ થતો હતો.

ચૂડાના વતની અને આપણાં સમાજના પૂર્વ મંત્રી - હાલ તંત્રીશ્રી પંકજભાઈ બાવિશીએ શ્રદ્ધાંજલિની શરૂઆત કરતાં જણાવ્યું કે, પૈસાનો વારસો મળે તે નિશ્ચિત નથી હોતું કે કેટલો સમય ટકશે, પરંતુ સેવાનો વારસો મળે તે ભવોભવ ટકે છે. સ્વ. સેવંતીભાઈને સેવાનો વારસો તેમના પિતાશ્રી તથા માતુશ્રી દ્વારા મળેલ હતો. તેમના પિતાશ્રી શાંતિભાઈથી શરૂ થયેલ ચૂડાની સેવાયાત્રા તેમણે જાળવી હતી. ખાલી જાળવી હતી તેટલું જ નહિ, પણ તેના માટે ભેખ લીધો હતો અને આથી જ તેમણે તેમના પરિવાર કે વ્યવસાયની જે કાળજી લીધી તેના કરતાં અનેક ગણી કાળજી ચૂડાની પાંજરાપોળ, હાઈસ્કૂલ કે જૈન સંઘની લીધી હતી. ભલે તેઓ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા, પરંતુ આ પરંપરા તેમનો પરિવાર આગળ વધારી જાળવશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. આ દિવસે રૂા. ૩૦ લાખનું પાંજરાપોળ માટે દાન જાહેર થયું તેમાં ૫૦% રકમસ્વ. કપાસી પરિવારની જ હતી.

આપણા સમાજના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ શ્રી સંજયભાઈ કોઠારીએ જણાવ્યું કે, થોડા વર્ષોના મારા અને તેમના પરિચયમાં તેમણે કરેલાં સુકૃત્યોથી હું બહું જ પ્રભાવિત થયો હતો. તેઓમાંથી ઘણું શિખવા મળ્યું હતું. તેમણે મને પણ પોતાની સાથે જોડી વતનના વિકાસમાં જોડીદાર બનાવ્યો હતો. તેઓ કહેતા જે કરીએ તે ચોક્કસ કરીએ. લાંબા ગાળાનું વિચારીને કરીએ. માંગનાર જે માગે તેના કરતાં વધારે આપીએ. પરમાત્માની કૃપાથી આપણી ઉન્નતી તો થઈ, પરંતુ તે લક્ષ્મીને બીજાની ઉન્નતી-પ્રગતિમાં વાપરી લક્ષ્મી મળ્યાને સાર્થક કરીએ તો તેજ જીવનની ખરી મજા છે, ખરું જીવન જ તે છે. ચૂડાના વિકાસમાં તેમનું જેટલું યોગદાન છે તે કદાચ બીજા કોઈ ચૂડા નિવાસીનું નહિ હોય છતાં પણ કોઈ મોટપ નહી, કોઈ બડાઈ ફૂંકવાની નહિ. કામથયું બસ વાત ત્યાં પૂરી. ખરેખર આવી વ્યક્તિઓ મળવી બહું જ કઠિન હોય છે. પરમાત્મા તેમના આત્માને શરણ આપે.

ઝાલાવાડ સમાજના પ્રમુખ અને 'સરયુ-હસુ સાંસ્કૃતિક ભવન'ના પ્રમુખ દાતા એવા હસમુખભાઈ ન્યાલચંદ વોરાએ હાજરી આપી સ્વ. સેવંતીભાઈ પ્રત્યે પોતાનો આદરભાવ રજૂ કર્યો હતો. જ્યારે ચૂડાનાજ વતની અને ચૂડા હાઇસ્કૂલમાં શિક્ષક પછી આચાર્ય અને "દાદા સાહેબ"ના હુલામણા નામથી પ્રખ્યાત આદેસરા સાહેબ દ્વારા પણ ભૂતકાળની સ્મૃતિને વાગોળી સ્વ. સેવંતીભાઈ કપાસીને યાદ કર્યા હતા.

આપણાં ઝાલાવાડ સમાજના પૂર્વ પ્રમુખ અને કે.એસ.સી.કે. ટ્રસ્ટના પ્રમુખ પ્રવીણભાઈ આત્મારામશાહએ ભારે હૃદય સાથે પોતાની વાત કરતાં જણાવ્યું કે, સ્વ. સેવંતીભાઈ મારા સાળા થતાં હતા. ૮૪ વર્ષની ઉંમર પણ તેમનો આત્મવિશ્વાસ ગજબનો હતો. યુવાનને પણ શરમાવે તેવી ગજબની તેમની ઊર્જા હતી. જેમલાઈટની સ્વીચ બંધ કરો અને લાઈટ બંધ થઈ જાય તેમઓફિસમાં ખુરશી પર બેઠા બેઠા ગણતરીની સેકંડમાં તેમણે આ દેહ છોડી દીધો. હું મારા એક ઓપરેરશન માટે હોસ્પિટલમાં હતો. મને બે દિવસ સુધી સમાચાર આપવામાં આવ્યા ન હતા. તેઓ મારા સાળા નહિં પણ મારા ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ હતા. (આ વાક્ય કહેતા પ્રવીણભાઈ ગળગળા થઈ ગયેલા) સ્વ. સેવંતીભાઈ પાસે ગજબની સૂઝ હતી. તેઓ કોઈપણ કામઅંગે બધી બાબતનો વિચાર કરતાં હતા. કામના મૂળ સુધી જઈ એટલો પરફેક્ટ પ્લાન બનાવતા કે પરિણામ૧૦૦ ટકા નહિં પરંતુ ૧૨૫ ટકા સુધીનું મળતું હતું.

મહિનામાં એક વાર અવશ્ય ચૂડા જવા માટે આવતા. અરે ક્યારેક તો મહિનામાં બે વખત પણ આવતા. ત્યાંની પાંજરાપોળ માટે એટલે કે જીવદયા તેમના કામમાં અગ્રતા ક્રમે હોય. વર્ષે લાખો રૂપિયા ચૂડા પાંજરાપોળ માટે આપતા. અબોલ જીવોને કોઈપણ જાતની તકલીફ ન પડે, રોગ ન થાય તેના માટે તેઓએ ઘણી પાંજરાપોળની મુલાકાત લઈ સરસ મજાની ડિઝાઈન તૈયાર કરી ચૂડા પાંજરાપોળને આધુનિક બનાવી. આવું જ કેળવણી માટે ચૂડા હાઈસ્કૂલ, ચોકડી હાઈસ્કૂલ, ભૃગુપુર હાઈસ્કૂલ માટે ફૂલપ્રૂફ પ્લાન બનાવી સંસ્થાઓની સર્વે સગવડતા પૂર્ણ કરી. સ્વ. સેવંતીભાઈના અરિહંત શરણ થવાથી નિશંકપણે મોટી ખોટ પડી છે, પરંતુ તેમની પાછળ તેમનો આ પરિવાર તેમણે ચિંધેલા માર્ગે આગળ વધી આ સેવાના સત્કાર્યો ચાલુ જ રાખવાનો છે. કપાસી પરિવાર દ્વારા આપણી આ વાડી માટે આપેલું દાન ક્યારેય ભૂલાશે નહિ. આપણાં સમાજ દ્વારા દર વર્ષે યોજાતા સમૂહ લગ્નમાં પણ તેમનું મહત્ત્વનું યોગદાન રહેલું છે. આથી જ સ્વ. સેવંતીભાઈ કપાસીનું જીવન એક પ્રેરણાદાયક જીવન છે.

શ્રી ઝાલાવાડ મહિલા મંડળ, શ્રી ચૂડા મિત્ર મંડળ, શ્રી ચૂડા ચામુંડા માતાજી બાવિશી પરિવાર મંડળ દ્વારા તેઓશ્રીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આપણાં ઝાલાવાડ સમાજના ટ્રસ્ટી મધુકરભાઈ ડગલી અમેરિકા હતા તેમણે ત્યાં આ સમાચાર જાણ્યા પછી તેમણે પણ ત્યાંથી સ્વ. સેવંતીભાઈને ભાવાંજલિ અર્પણ કરેલ હતી. અંતમાં એક કવિ કહી ગયા છે કે,

**"જનની જણ તો ભક્ત જણજે, કાં દાતા કાં સૂર, નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર."**

કોઈ ભક્ત હોય, કોઈ દાતા હોય કે કોઈ શૂરવીર હોય, એક ગુણ હોય પરંતુ સ્વ. સેવંતીભાઈ કપાસી પરિવાર પિતા, દાદા, પરદાદાથી ગુરૂજનોનો ભક્ત રહ્યો છે. તેઓ કેવા દાતા હતા તે હવે ફરી લખવાની જરૂર નથી અને શૂરવીર એવાકે હાથમાં લીધેલું કામગમે તેટલી રૂકાવટ આવે પણ હિંમતપૂર્વક પૂર્ણ કરતા. આમ, સ્વ. સેવંતીભાઈ કપાસીમાં ત્રણે ગુણોનો સરવાળો હતો. માટે તેઓનું નામચૂડામાં અને ઝાલાવાડના ઇતિહાસમાં સુર્વણ અક્ષરે લખાઈ ચૂક્યું છે. જય જિનેન્દ્ર...

## વતનના વહાલસોયા સપૂત સેવંતીભાઈને ભાવાંજલિ

વતન ચૂડાથી ૫૦૦ કિલોમીટર દૂર રહેવા છતાં જેમણે ચૂડાને પોતાની કર્મભૂમિબનાવી હતી તે વારસાઈ તેમને તેમના પિતા શાંતિલાલ ચુનીલાલ દીપચંદ કપાસી તથા માતા કમળાબેન દ્વારા મળી હતી. દરેકને એક દિવસ જવાનું જ છે, પરંતુ ગયા પછી લોકો એમકહે કે સારું થયું 'ઝાડ પડ્યું ને જગ્યા થઈ' તો તે જીવન અર્થ વગરનું છે, પરંતુ ભલે ૮૪/૮૫ વર્ષની પાકટ ઉંમરે પણ તમારા ગયા પછી અનેક લોકોના હ્રદયમાં ભૂકંપ આવે અને એમલાગે કે પોતાના જીવનનો એક ભાગ કપાઈ ગયો છે, તેવી લાગણી સાથે દુઃખી થાય ત્યારે જાણવું કે, ગયેલા આત્માએ લોકોના હ્રદયમાં જગ્યા બનાવી હતી.

સ્વ. સેવંતીભાઈ કપાસીને ભાવાંજલિ અર્પવા માટે વતન ચૂડા ખાતે તા. ૩ જૂનના રોજ એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવેલ. ભાવનગરથી આવેલા સંગીતકારે તેઓશ્રીને સ્તવનો, ગીતો અને કાવ્યો દ્વારા આદરાંજલિ અર્પણ કરી હતી ત્યારે હાજર રહેલા તેમના ધર્મપત્ની અને પરિવારજનોની આંખમાં અશ્રુધારા વહેતી હતી. કાર્યક્રમનું સંચાલન કરનાર ભાઈશ્રીએ પણ આલંકારિક શબ્દો અને વિશેષણોથી વાતાવરણ ગંભીર બનાવ્યું હતું. મુંબઈ સ્થિત ચૂડાના વતનીશ્રી વિનોદભાઈ તારાચંદ શેઠ દ્વારા તેઓના જીવનના પાસાને ઉજાગર કરવામાં આવેલ હતા. લીંબડીના પૂર્વ ધારાસભ્ય કિરીટસિંહ રાણા દ્વારા સેવંતીભાઈ સાથેના અલ્પ પરિચય છતાં સેવંતીભાઈમાં રહેલા ગુણોની યાદ તાજી કરી હતી. ચૂડા કેળવણી મંડળના મંત્રીશ્રી કીર્તિભાઈ ધનજીભાઈ કોઠારીએ સેવંતીભાઈ સાથે ચૂડા ગામના સેવાકીય કાર્યોમાં તેમની પાસેથી ઘણું માર્ગદર્શન અને શીખવાનું મળ્યું હતું એમવિસ્તારપૂર્વક જણાવી પોતાના હ્રદયની લાગણીઓ રજૂ કરી હતી. ચૂડા હાઈસ્કૂલના પૂર્વ આચાર્યશ્રી ગુડલીયા સાહેબ દ્વારા એક આચાર્ય અને એક પ્રમુખ / સંચાલકનો જે વહેવાર છે તેમાં સ્વ. સેવંતીભાઈ પાસેથી વ્યવહારિક ગુણો જાણવા મળ્યા તેની વાત કરી તેમની ખોટ સાલસે તેવો ભાવ રજૂ કર્યો.

સ્વ. સેવંતીભાઈને શ્રદ્ધાંજલિ અર્પતા સંદેશાઓનું વાંચન કરવામાં આવેલ. અમદાવાદથી શ્રી પ્રવીણભાઈ આત્મારામશાહ, શ્રી સંજયભાઈ ભરતભાઈ કોઠારી, શ્રી પંકજભાઈ મનસુખલાલ બાવિશી, શ્રી અલ્પેશભાઈ કોઠારીએ ખાસ હાજરી આપી હતી. ચૂડા ગામના મહાજનો, શ્રેષ્ઠીઓ, વેપારીઓ, ચૂડા મહાજન પાંજરાપોળ, ચૂડા કેળવણી મંડળ, ચૂડા જૈન સંઘ વિગેરેના પ્રતિનિધિઓ આ પ્રાર્થના સભામાં હાજર રહ્યા હતા. ચૂડા ગામની આજુબાજુના ગામમાંથી સરપંચશ્રીઓ તથા લોક પ્રતિનિધિઓએ સદ્‌ગત સેવંતીભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સમગ્ર પ્રાર્થના સભામાં ચૂડા ગામનો, ચૂડાની વિવિધ સંસ્થાઓનો તથા ચૂડાની આજુબાજુના ગામનો એક હમદર્દ માનવ ગુમાવ્યો હોય તેવું દુઃખ પ્રતિત થતું હતું. વ્યક્તિના ગયા પછી જો આવો પ્રતિભાવ મળે તો સમજવું કે જીવેલું જીવન સાર્થક થયું છે. પરમાત્મા આ આત્માને ઉચ્ચ કોટીમાં સ્થાન અર્પજો તેવી પ્રાર્થના સાથે અલવિદા.

## ભૂરિ ભૂરિ અનુમોદના

કપાસી પરિવાર દ્વારા આપણાં સમાજ માટે એક ખૂબજ સારા સમાચાર મળ્યા છે. સમાજમાં જે વિદ્યાર્થી M.B.B.S.ના છેલ્લા વર્ષમાં ઉર્તિણ થશે તેને તેજસ્વી વિદ્યાર્થી બહુમાન પ્રસંગે ૧૦ગ્રામસોનાનો મેડલ આપવામાં આવશે. આ સુકાર્ય માટે કપાસી પરિવારની ભૂરિ ભૂરિ અનુમોદના કરવામાં આવે છે. સાથોસાથ આ કાર્યમાં નિમિત્ત બનનાર શ્રી પ્રવીણભાઈ આત્મારામ શાહનો પણ આભાર માનવામાં આવે છે.



## સ્વ. સેવંતીભાઈ કપાસીની સ્મરણાંજલિ પ્રાર્થનાસભા સમયની તસવીરો



શ્રી ચિનુભાઈ શાહ



શ્રી પ્રવીણભાઈ શાહ



શ્રી સંજયભાઈ કોઠારી



આચાર્યશ્રી દાદાસાહેબ



શ્રી પંકજભાઈ બાવિશી

# સગપણ નિમિત્તે શુભેચ્છા



આપણાં સમાજના સભ્ય હિતેનભાઈ રતિલાલ બાવિશીના સુપુત્ર નિશાન્તનું સગપણ મિલનભાઈ સારાભાઈ શાહની સુપુત્રી શ્રધ્ધા સાથે થયેલ છે. આ શુભ પ્રસંગ નિમિત્તે હિતેનભાઈ તરફથી રૂ. ૧૦૦૦ કેળવણી, રૂ. ૫૦૦ સાધર્મિક, રૂ. ૫૦૦ ફોટાના, રૂ. ૧૦૧ લાગાના કુલ રૂ. ૨૧૦૧ તથા મિલનભાઈ તરફથી રૂ. ૧૦૦૦ કેળવણી, રૂ. ૫૦૦ સાધર્મિક, રૂ. ૫૦૦ ફોટાના, રૂ. ૧૦૧ લાગાના કુલ રૂ. ૨૧૦૧ આમબન્ને પક્ષ તરફથી કુલ રૂ. ૪૨૦૨ સમાજને ભેટ મળેલ છે. સમાજ બન્ને પક્ષનો આભાર માની શુભેચ્છા પાઠવે છે.

આપણાં સમાજના સભ્ય નીતિનકુમાર કાન્તિલાલ વોરાના સુપુત્ર જીગરનું સગપણ પ્રદ્યુમનભાઈ વાડીલાલ શેઠની સુપુત્રી તેજલ સાથે થયેલ છે. આ શુભ પ્રસંગ નિમિત્તે નીતિનકુમાર તરફથી રૂ. ૫૦૦ ફોટાના, રૂ. ૪૦૨, રૂ. ૧૦૧ લાગાના કુલ રૂ. ૧૦૦૩ તથા પ્રધ્યુમનભાઈ તરફથી રૂ. ૫૦૦ ફોટાના, રૂ. ૪૦૨, રૂ. ૧૦૧ લાગાના કુલ રૂ. ૧૦૦૩ આમબન્ને પક્ષ તરફથી રૂ. ૨૦૦૬ સમાજને ભેટ મળેલ છે. સમાજ બન્ને પક્ષનો આભાર માની શુભેચ્છા પાઠવે છે.





આપણાં સમાજના સભ્ય વિજયકુમાર નગીનદાસ કોઠારીના સુપુત્ર પુલકિતનું સગપણ અતુલકુમાર હિંમતલાલ શાહની સુપુત્રી ખ્યાતી સાથે થયેલ છે. આ શુભ પ્રસંગ નિમિત્તે વિજયકુમાર તરફથી રૂ. ૫૦૦ કેળવણી, રૂ. ૫૦૦ ફોટાના રૂ. ૧૦૧ લાગાના કુલ રૂ. ૧૧૦૧ તથા અતુલકુમાર તરફથી રૂ. ૫૦૦ કેળવણી, રૂ. ૫૦૦ ફોટાના, રૂ. ૧૦૧ લાગાના કુલ રૂ. ૧૧૦૧ આમબન્ને પક્ષના મળી કુલ રૂ. ૨૨૦૨ સમાજને ભેટ મળેલ છે. સમાજ બન્ને પરિવારનો આભાર માની શુભેચ્છા પાઠવે છે.

આપણાં સમાજના સભ્ય રાજેશકુમાર ચંદુલાલ વોરા ના સુપુત્ર ધવલનું સગપણ દિલીપભાઈ કાન્તિલાલ પટવાની સુપુત્રી  ભક્તિ સાથે થયેલ છે. આ શુભ પ્રસંગ નિમિત્તે બન્ને પક્ષના મળીને કુલ રૂ. ૧૪૦૮ સમાજને ભેટ મળેલ છે. સમાજ બન્ને પરિવારનો આભાર માની શુભેચ્છા પાઠવે છે.

આપણાં સમાજના સભ્ય પલ્લવભાઈ ભરતકુમાર શાહ ની સુપુત્રી ધ્વનીનું સગપણ મનોજભાઈ જસવંતલાલ શાહ ના સુપુત્ર ઉમંગ સાથે થયેલ છે. આ શુભ પ્રસંગ નિમિત્તે બન્ને પક્ષના મળી કુલ રૂ. ૧૨૦૨ સમાજને ભેટ મળેલ છે. સમાજવ બન્ને પરિવારનો આભારમાની શુભેચ્છા પાઠવે છે.




# મણમાંથી કણ અને કણમાંથી કણ - અનુમોદના



✍ પંકજભાઈ બાવિશી

જેની પાસે મણ છે તે કણ આપે તો તે દાતા છે, પરંતુ જેની પાસે કણ જ છે અને તે તેમાંથી કણ આપે તો તે દાનેશ્વરી છે. મહિલાને સામાન્ય રીતે અબળા માનવામાં આવે છે. આ મહિલા અનેક સંઘર્ષનો સામનો કરી પોતાના જીવનને ઉચ્ચ કોટિનું બનાવી, ધર્મના આચરણ સાથે સમાજ અને સંબંધોને જાળવી, જીવનના અંતીમતબક્કા સુધી પહોંચે તેને સલામકરવી પડે. તકલીફોથી હારી-થાકી ઓશીયાળું જીવન નહિ, પરંતુ તેમાંથી માર્ગ કાઢી જીવવું અઘરું છે.

**સુશ્રી શારદાબેન કાંતિલાલ ડગલી, જન્મતારીખ : ૩૧-૧૦-૧૯૩૧, જન્મસ્થળ : બાજરડા,**
**પિતાશ્રી : સોમચંદભાઈ વ્રજપાળભાઈ રાજપરિયા, માતુશ્રી : ગંગાબેન સોમચંદભાઈ રાજપરિયા.**

હાલ વડીલ અને ૮૮ વર્ષની જૈફ વય ધરાવતા એવા સુશ્રી શારદાબેનનો જન્મતા. ૩૧-૧૦-૧૯૩૧ના રોજ બાજરડા મુકામે એક સંસ્કારી અને ધર્મ પરાયણ પરિવાર એવા શ્રી સોમચંદભાઈ વ્રજપાળભાઈ રાજપરિયા પરિવારમાં થયેલ હતો. તેમના માતુશ્રી ગંગાબેન સરળ સ્વભાવના હતા. શારદાબેનના નાની ઉંમરમાં જ ધ્રાંગધ્રા નિવાસી શ્રી કાંતિલાલ હકમચંદ ડગલી સાથે લગ્ન થયેલ હતા. પરંતુ વિધાતાને તે મંજુર ન હોય તેમએમનું લગ્ન જીવન અલ્પ જીવી રહ્યું અને શારદાબેન ખૂબ જ નાની ઉંમરમાં વિધવા થઈ ગયેલ, પરંતુ જીવનની આ વાસ્તવિકતાને હસ્તે મોઢે સ્વીકારી તેમને તેમની બીજી બે બહેનો અને ચાર ભાઈઓ તેમજ સાસરી પક્ષના સભ્યોને પોતાનો પરિવાર બનાવ્યો. આ બૃહદ પરિવારની સતત ઉન્નતિ અને વિકાસ માટે આજીવન અવિરત સંઘર્ષ કર્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલમાં નોકરી કરતા કરતા પરોપકાર અને સેવાના ગુણોને એમણે એટલી હદ સુધી આત્મ-સાત કરી લીધા હતા કે કોઈ બીજાના દુઃખ કે પીડા તેમનાથી સહન ના થઈ શકે અને પોતાની જાતના ભોગે તેમાંથી થઈ શકતું તમામતેઓ તન, મન, ધનથી કરી છૂટતા. બીજાના કાર્યો, પીડામાં સહભાગી થઈ સામાવાળાના ચહેરા ઉપર જે આનંદની લાગણી મળે તેને જ શારદાબહેને પોતાની જીવનભરની પૂંજી ગણી હતી. કોઈપણ જાતના સ્વાર્થ વગર અન્યની પ્રગતિ માટે તેમને પોતાની જાત ઘસી નાખી અને એમપણ કહી શકાય કે ગોપીચંદન કર્યું, તો તેમાં જરાપણ અતિશયોક્તિ નહીં ગણાય.

બાળપણથી ધર્મના સંસ્કારોનું સિંચન થયેલ હોવાથી અધિક પડકારોની વચ્ચે સામાજિક જવાબદારી અદા કરતા-કરતા પણ ધર્મ અને તપસ્યાનું આલંબન જીવનભર વધાવી લીધેલ છે. જેના ભાગ રૂપે ૨ વર્ષીતપ, સોળ ભથ્થુ, ૫ અઠ્ઠાઈ નવપદની ચૈત્ર માસ અને આસો માસની ઓળી વર્ષો સુધી કરેલ હતા. વિમલનાથ ભગવાન તથા મલ્લીનાથ ભગવાનના અઠ્ઠમકરેલ છે. તેમજ (૧) સમેત-શિખર, (૨) શેત્રુંજય, (૩) ગિરનાર જાત્રાં પણ કરેલ છે.


પોતાની જાતને ધૂપસળીની જેમસળગાવીને અન્યના જીવનમાં મહેક પ્રસરાવવી એ જાણે તેમનો જીવન મંત્ર બની ચૂકયો હતો અને જેના ફળ રૂપે આજે તેમના ભાઈ-બહેનો અન્ય સબંધીઓના પરિવારો ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યો છે.

સુશ્રી શારદાબેન હાલ ૮૮ વર્ષની જૈફ વયે ઘરમાં ખૂબ જ મર્યાદિત હલન-ચલન કરી શકતા હોવાથી આ ભાવનાને બિરદાવવા સુશ્રી શારદાબેનના આમંત્રણને માન આપી શ્રી સંજયભાઈ કોઠારી, શ્રી અલ્પેશભાઈ કોઠારી, શ્રી યોગેશભાઈ કોઠારી, શ્રી પંકજભાઈ બાવિશી, શ્રી ફાલ્ગુનભાઈ દફતરી તેમના નિવાસસ્થાને ગયા હતા.

